# હસ્ત કૌશલ્ય આધારિત બાળરમતો



## માથાસુલિયા   પ્રા. શાળા

તા.૨૦/૨/૧૩

આજ રોજ અમારી શાળામાં જીવનકૌશલ્ય આધારિત બાળમેળાની ઉજવણી કરવામાં આવી હતી. મેળાની શરૂઆત એસ.એમ.સી. અધ્યક્ષ ધ્વારા દિપ પ્રગટાવીને કરવામાં આવી હતી. જેમાં કુલ સાત વિભાગો હેઠળ બાળકોના જીવનકૌશલ્યને વિકસાવનારી અલગ અલગ પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

આ સાત વિભાગો નીચે મુજબ હતા.

⇒ સર્જનાત્મક વિભાગ

⇒ ચાલો નવું શિખીએ

⇒ કમ્પ્યુટર જોડે વાત કરીએ

⇒ આવો પ્રદર્શન નિહાળીએ

⇒ હાસ્યની પળો

⇒ વિજ્ઞાનની દુનિયા

⇒ પુસ્તક પ્રદર્શન

સર્જનાત્મક વિભાગમાં બાળકો ધ્વારા થયેલ વિવિધ

સર્જનને રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં રંગોળી, ચિત્રકામ, માટીકામ,કાગળકામ, ભરતગૂંથણ જેવા વિષયો પર બાળકો ધ્વારા તાલીમી નિદર્શન આપવામાં આવ્યું હતું. ચાલો નવું

શિખીએ વિભાગમાં ઈસ્ત્રી કરવી, ફયુઝ બાંધવો, બટન ટાંકવા,

કપડું સીવવું, શરીરને સ્વચ્છ રાખવું, શાક સમારવું, રસોડાથી પરિચિત થવું વગેરે બાબતોને આવરી લેવામાં આવી હતી. પ્રદર્શન વિભાગમાં સંગીતના સાધનો, ખેતીના ઓજારો,

ખેલકૂદના સાધનો, ગ્રામ્ય સાધનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાનની દુનિયામાં વિજ્ઞાનના સાધનોનું પ્રદર્શન રાખ્યું હતું અને પ્રયોગો કરવામાં આવ્યા હતા. પુસ્તક પ્રદર્શન વિભાગ

હેઠળ પુસ્તકોનું પ્રદર્શન રખાયું હતું જયારે હાસ્યની પળોમાં બાળકોએ જોકર બનીને બધાને ખૂબ હસાવ્યા હતા. કમ્પ્યુટર વિભાગમાં કમ્પ્યુટરની વિવિધ એપ્લીકેશનનો પરિચય

બાળકોને આપવામાં આવ્યો હતો. આ મેળાની મુલાકાત ડાયટ ઈડરના પ્રાધ્યાપક શ્રીમતી તરૂણાબેન દેસાઈ

અને બી.આર.સી.શ્રી હિતેષભાઈ પંચાલ સાહેબે લીધી હતી. આ

પ્રસંગે રાયગઢ જૂથના શિક્ષકોએ પણ શાળાની મુલાકાત લીધી હતી. અંતે હસા હસના કાર્યક્રમ ધ્વારા આ મેળાનું સમાપન કરવામાં આવ્યું હતું.




NAVBHARAT
Picture Dictionary




શ્રી માથાસુલિયા પ્રા. શાળા.








South
Class

















